# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ છ દિવસ**માં શહેરની કુલ ૬૧૮ પ્રતિષ્ઠિત ખાનગી/સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૨૨૬૧ સેશનમાં ૨,૮૫,૮૧૭ બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ બે લાખ ચોવીસ હજારથી વધુ બાળકોને આ છ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા/ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા''

વિષય : ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૮ના રોજ સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ ખાતે આયોજીત રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા.

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની કતારગામ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધો.૧ થી ૪ની રંગપુરણી હરિફાઈ અને બપોરે ૧૨.૦૦ કલાકે ધો.૫ થી ૧૨ની દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. **આ બંને સ્પર્ધાઓમાં ફકત કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.** આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, ગ્રાઉન્ડ ફલોર, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૦૪/૦૮/૨૦૧૮ સુધીમાં પરત કરવાના રહેશે.

"પહેલા પોલિયા અને હવે માઝલ્સ-રૂબેલાના વારા"

:: પ્રેસનોટ ::

"અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૭ જુલાઈ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૭/૨૦૧૮ થી તા.૨૭/૦૭/૨૦૧૮ દરમ્યાન મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| સ્પર્ધા | તારીખ/વાર | સમય | સ્થળ |
|---|---|---|---|
| મહેંદી પ્રાથમિક વિભાગ | ૨૪/૦૭/૨૦૧૮ મંગળવાર | બપોરે ૧૨ કલાકે | સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત. |
| મહેંદી માધ્યમિક વિભાગ | | બપોરે ૨ કલાકે | |
| મહેંદી ખુલ્લો વિભાગ | ૨૫/૦૭/૨૦૧૮ બુધવાર | બપોરે ૧૨ કલાકે | અલથાણ–ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણગામ, સુરત |
| આરતી શણગાર પ્રાથમિક/માધ્યમિક વિભાગ | ૨૬/૦૭/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૧૨ કલાકે | સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત |
| ગોરમાગીત પ્રાથમિક વિભાગ | ૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર | સવારે ૧૦ કલાકે | સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ શાળા નં.૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત |

મહેંદી સ્પર્ધાના સ્પર્ધકો પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકે તે માટે પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ખુલ્લા વિભાગનું લીસ્ટ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/smcmahendi પર જોઈ શકાશે. સદર ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ જે તે સ્પર્ધકે પોતાના મોબાઈલના છેલ્લા ૫(પાંચ) આંકડા સર્ચ કર્યેથી પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકાશે અને તે જ અનુક્રમ નંબર પ્રમાણે બેસવાનું રહેશે. અલુણાવ્રત નિમિત્તે યોજાનાર સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. 7 7 8 , તા.૨૩/૦૭/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

MAHENDI-18

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૧/૦૭/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં પાલીયા ગ્રાઉન્ડ, મહારાષ્ટ્ર મંડળનો ખાંચો, ભાગાતળાવ સિંધીવાડ, નાની દેસાઈ પોળ, ક્રોગ્રેસભવનની ગલી

ઢીંગલી ફળીયું, પાણીની ભીંત, મૃગવાન ટેકરો, ઝાલાવાડનો ટેકરો, વાઘરીવાડ વાંસફોડાપુલ બેગમપુરા જેવા વિસ્તારોમાં,

રાંદેર ઝોનમાંલીલા વિહાર સોસા., સીંધી સોસા., સુભાષનગર, ઈ.ડ.એસ.આવાસ સૌરભ સોસા., ıકોર ધ્વાર વિ–૩, પંકજનગર સોસા., દર્શન સોસા., ગોપાલ પાર્ક, મહાદેવ વસાહત, જીનમીલ ઝુંપડપટ્ટી તથા આજુ બાજુ જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં સંજયનગર જી.ઈ.બી., એલ.આઈ.જી.–૫૪૦, એલ.આઈ.જી.–૫૪૦, સરસ્વતીઆવાસ, હીરાનગર, દિલદારનગર,ફૈઝલનગર, બાપુનગર અને આજુબાજુનો વિસ્તાર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આદર્શ પછાતવર્ગ, પનાસગામ, ગણેશૃકપા, પાણીની ટાંકી વાળા ઈ.ડ.એસ.કવાટર્સ, ઈન્દિાનગર, સત્યસાંઈ સ્કુલના આજુબાજુ ભરથાણાંગામ,ગણપતનગરકેપ્ટનરોડડુમસજેવાવિસ્તારોમાં,કતારગામઝોનમાંભગવાનનગર,સંતોષીનગર,પંડોળઈન્ડ,પટેલવાડી૧,૨,૩,રાજારામ,કમ્પાઉન્ડ,ગુ.હા.બોર્ડ,પાર્થનગર,અંબિકાનગર,રીલાયન્સનગર,કોસાડઆવાસએચ–ઉજેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં ગ્લોબલ બાંધકામ, મફતનગર, પારસી ભેસ્તાન, અમેઝીયા વોટર પાર્ક, મોહનબાગ, રામકિશન કોલોની, ગરીબ આવાસ, ભરવાડ વાસ, બાલુ મહારાજનો ટેકરો, શ્રીરામનગર, કૃષ્ણનગર, દિનદયાળનગર, બરોડા પ્રિસ્ટેજ, ટાંકીપાળ ઝું., નીચલી કોલોની, સીતાનગર, વિક્રમનગર, મુકિતધામ, ચામુંડાનગર, આશીર્વાદ સો., માન સરોવર સો–૧,૨,૩,૪, હંસ વિહાર સો., સરથાણા ગામતળ, દિવાળીબા સો. જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **86883** | **198226** | **713** | **2563** | **1098** | **3172** | **221** | **115900** | **70** | **65028** | **19398** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૩/૦૭/ ૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનના વરાછા મેઈન રોડ પરથી દેવીપૂજક સમાજના લોકોનું દબાણ દુર કરવા બાબત.**

આજરોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોનમાં દેવી પૂજક સમાજના લોકોને ખસેડવાની ઝુંબેશ હાથ ધરી, વરાછા ખાંડ બજારથી સરથાણા નેચર પાર્ક સુધીના ફ્લાય ઓવર બ્રીજ નીચે વસવાટ કરતાં દેવીપૂજક સમાજના લોકોને ખસેડી, ઝુંપડા દુર કરી ઘરવખરીનો ૧૨(બાર) ટ્રક સામાન જપ્ત કરવામાં આવ્યો.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સૂચના મુજબ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત સહિત પાર પાડવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ સાત દિવસ**માં શહેરની કુલ ૭૦૯ પ્રતિષ્ઠિત ખાનગી/સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૨૬૧૭ સેશનમાં ૩,૨૫,૩૦૮ બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ ત્રણ લાખ પચ્ચીસ હજારથી વધુ બાળકોને આ સાત દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા/ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

[illegible]

## સુરત મહાનગરપાલિકા

### પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

કતારગામ ઝોનઃ-

કતારગામ ઝોનમાં ૨૪૫ સ્કેવર મીટર રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૧૩૦ ચો.મીટર માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરવામાં આવેલ,૧ વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૧ સ્ટ્રોર્મ ડ્રેઈનનાં મેનહોલની સફાઈ કરવામાં આવેલ છે.

વરાછા ઝોનઃ-

વરાછા ઝોનમાં ૧૦ રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૧ રોડ પર ખાડાઓનું ઠંડા ડામરથી પેચવર્ક કરવામાં આવેલ,૧ માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરવામાં આવેલ,૬૯૭ વરસાદની જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૯૩ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૮૨

તા.૨૩/૦૭/૨૦૧૮

# પ્રેસનોટ

UNESCAP એશિયા–પેસિફિક વિસ્તાર માટે યુનાઈટેડ નેશનની એક પ્રાદેશિક વિકાસ શાખા છે, જેનું હેડકવાર્ટર બેંગકોક – થાઈલેન્ડમાં આવેલ છે. એશિયા અને પેસિફિક માટે સમૃધ્ધિ, સામાજીક સવલત અને સ્થિરતા ESCAP બનાવવામાં આવેલ છે તથા સંકલિત અને ટકાઉ આર્થિક અને સામાજિક વિકાસ હાંસલ કરવા માટે સભ્ય રાષ્ટ્રોમાં સહકારને પ્રોત્સાહન આપવા માટે ખુબ મોટો દ્રષ્ટીકોણ ધરાવે છે. UNESCAP ધ્વારા નીચેના મુદ્દામાં વિગતવાર ટેકનીકલ સહાય, પરીણામલક્ષી પ્રોજેકટો માટે કામગીરી કરવામાં આવે છે.

- **Macroeconomic policy, poverty reduction financing for development**
- **Trade, investment and innovation**
- **Transport**
- **Environment & develpment, વિગેરે**

મુખ્ય ક્ષેત્રોમાં સખત વિશ્લેષણ અને શિક્ષણને ESCAP પ્રોત્સાહન આપે છે અને તારણો નીતિના સંવાદો અને ભલામણોમાં અનુવાદિત કરે છે તેમજ આ ભલામણોના અમલીકરણમાં સભ્ય રાજયોને સારી વિકાસ પધ્ધતિઓ, જ્ઞાનની વહેંચણી અને તકનિકી સહાય પુરી પાડે છે.

UNESCAP ધ્વારા Sustainable Urban Transport Index (SUTI) એટલે કે શહેરી જાહેર પરિવહનની સેવાઓ માટે સુચિતાર્થ (Indicators) બનાવવામાં આવી રહેલ છે. SUTI શહેરી પરિવહનનું મુલ્યાંકન કરવામાં તથા જુદા–જુદા શહેરોના શહેરી પરિવહન વ્યવસ્થાને સરખામણી / તુલ્નાત્મક અભ્યાસ કરવામાં મદદરૂપ થશે. SUTI ના ઈન્ડિકેટરનો ઉપયોગ જુદા–જુદા શહેરોના જાહેર પરિવહન વ્યવસ્થાની સરખામણી કરવા માટે કરી શકાશે અને શહેરી જાહેર પરિવહન વ્યવસ્થાના વિસ્તાર વિકાસમાં ઉપયોગી થશે. SUTI બનાવવાની કામગીરી માટે UNESCAP ધ્વારા એશિયા પેસિફિક વિસ્તારના જુદા–જુદા મુખય શહેરોને ધ્યાને લેવામાં આવેલ છે અને સુરતનો પણ તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સુરત શહેરના ટ્રાફિક વ્યવસ્થાના અભ્યાસ અને મુલ્યાંકનની કામગીરીના પ્રાથમિક તબકકા માટેના કાર્યવાહી સારૂ કામગીરી હાથ ધરવામાં આવેલ છે અને એક ટીમ ૨૫ જુલાઈ થી ૨૭ જુલાઈ, આમ ત્રણ દિવસો માટે સુરત શહેરની મુલાકાતે આવનાર છે તેમજ Stake Holder Consultation ની એક મીટીંગ તા. ૨૫/૦૭/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ છે. જેમાં સુરત શહેરના જાહેર પરિવહન, શહેરના ડેટા કલેકશન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. તેમજ આ મીટીંગમાં UNESCAP નાં પ્રતિનિધિઓ તથા કેન્દ્ર સરકારનાં શહેર વિકાસ વિભાગનાં પ્રતિનિધિશ્રી/અધિકારીશ્રી ઓ હાજર રહેવાના છે. સુરત મહાનગરપાલિકા, સુડા, ટ્રાફિક પોલિસ વિભાગ, RTO તથા શહેરની જુદી–જુદી શૈક્ષણિક, વ્યવસાયિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આ મીટીંગમાં ભાગ લઈને શહેરી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બાબતે તેમના વિચારો, મંતવ્ય અને આંકડાઓ રજુ કરશે.

વધુમાં પ્રતિનિધિ મંડળ ધ્વારા બી.આર.ટી.એસ બસ ડેપો અને વર્કશોપ, બી.આર.ટી.એસ બસ શેલ્ટરોમાં ITMS અને AFCS પ્રોજેકટને લગતી તથા SMAC Centre ની સાઈટ વિઝીટ કરવામાં આવશે, તેમજ શહેરની જાહેર પરિવહન વ્યવસ્થાનું નિરિક્ષણ પણ કરવામાં આવશે.

## :: પ્રેસનોટ ::

### ''કારગીલ વિજય દિવસ''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ યોજાનાર કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે ''ઓપરેશન વિજય'' પાર પાડી કારગીલની બધી જ ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ કારગીલ વિજય દિવસ નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ ''કારગીલ ચોક'', લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

## :: પ્રેસનોટ ::

### ''અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધા''

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૭/૨૦૧૮ના રોજ સુ.મ.પા.કોમ્યુનિટી
હોલ, દિવાળી બાગ, અડાજણ, સુરત ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર અલુણાવ્રત્ત ઉત્સવ શરૂ થવા પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૭/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા અને બપોરે ૦૨.૦૦ કલાકે માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુ.મ.પા.કોમ્યુનિટી હોલ, દિવાળી બાગ, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓના વરદ્ હસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. માન.મેયરશ્રીએ સ્પર્ધામાં ભાગ લેવા બદલ તમામ બાળાઓને અભિનંદન આપી બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં વધુમાં વધુ નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ૬૨૦થી વધુ વિદ્યાર્થીનીઓએ સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વિજેતા | પ્રાથમિક વિભાગ | | માધ્યમિક વિભાગ | |
|---|---|---|---|---|
| | સાદી મહેંદી | અરેબિક મહેંદી | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
| પ્રથમ | નૃપલ ચંદ્રકાંત પટેલ | આલીયાબાનું કે. શેખ | વોરા જીજ્ઞા ચંદ્રકાંતભાઈ | શેખ અતીફા ઈમરાન |
| દ્વિતીય | શેખ ફરહીન મોઈન | તૌરાણા સૈયદ યુસુફ | પ્રજાપતિ ક્રિષ્ના ડી. | ઉનાગર શ્રધ્ધા સંજયભાઈ |
| તૃતીય | શિરોયા દિશા કે. | ઉમ્મેહાની મોતીવાલા | પ્રસાદ જયોતિ જોધાભાઈ | સાયકલવાળા આતેકાબાનું |

પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાયેલ મહેદી સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત આશ્વાસન વિજેતાઓને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના સ્પર્ધકો પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકે તે માટે ખુલ્લા વિભાગનું લીસ્ટ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/smcmahendi પર જોઈ શકાશે. સદર ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ જે તે સ્પર્ધકે પોતાના મોબાઈલના છેલ્લા ૫(પાંચ) આંકડા સર્ચ કર્યેથી પોતાનું નામ અને અનુક્રમ નંબર જોઈ શકાશે અને તે જ અનુક્રમ નંબર પ્રમાણે બેસવાનું રહેશે.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫/૦૭/૨૦૧૮ બુધવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | ખુલ્લો વિભાગ | અલથાણ–ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણગામ, સુરત |
| ૨ | ૨૬/૦૭/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત |
| ૩ | ૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા. શિ. સ. શા.ક્ર. : ૬૮ ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત |







# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે બી.આર.ટી.એસ. તેમજ સીટીબસની સેવા જાહેર જનતા માટે શરૂ કરવામાં આવેલ જેમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૯ કોરિડોરમાં કુલ ૧૬૬ બસો તેમજ સીટીબસ અંતર્ગત ૩૦ સીટીબસ રૂટમાં કુલ ૨૭૫ સીટીબસો કાર્યરત કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. સેવા કુલ ૧૦૨ કી.મી. તથા સીટીબસ સેવા કુલ ૨૯૦ કી.મી. શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ છે.

હાલમાં બી.આર.ટી.એસ. બસોમાં શહેરના તમામ કોરિડોર ઉપર બસની ફ્રિક્વન્સી વધારવામાં આવેલ છે તેમજ સીટીબસ રૂટોમાં પણ નવી બસો ઉમેરવામાં આવેલ છે જે અંતર્ગત દરેક રૂટ ઉપર બસની ફ્રિક્વન્સી પણ વધારવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. તેમજ સીટીબસોના રૂટોને કનેક્ટીવીટી મળતા પેસેન્જરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. તા. ૧૯/૦૭/૨૦૧૮ નાં રોજ BRTS ૧ લાખ થી વધુ પેસેન્જર નોંધાયેલ હતા અને તા. ૨૩/૦૭/૨૦૧૮ ના રોજ બી.આર.ટી.એસ. માં કુલ ૧ ,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જારો તેમજ સીટીબસમાં કુલ ૯૮,૦૦૦ થી વધુ પેસેન્જછરો મળી કુલ ૨,૦૩,૦૦૦ થી વધુ મુસાફરોએ જાહેરપરિવહન સેવાનો લાભ લીધેલ છે. આમ , સૌપ્રથમવાર BRTS અને સીટીબસ બંન્નેડ મળી કુલ ૨.૦૩ લાખથી વધુ મુસાફરોએ બસોમાં મુસાફરી કરેલ છે.

જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરની બી.આર.ટી.એસ. બસ તેમજ સીટીબસ સેવાનો ઉપયોગ શહેરની પ્રજા કરી રહી છે જેમાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ બી.આર.ટી.એસ. અને સીટી બસ સેવાથી આરામદાયક , સુરક્ષિત અને સલામત મુસાફરીનું માધ્યમ છે જેના વધુ ઉપયોગથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા તેમજ શહેરના પ્રદુષણમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી શકાશે. સુરત મહાનગરપાલિકા અંતર્ગત શરૂ કરવામાં આવેલ જાહેરપરિવહનનો ઉપયોગ વધુમાં વધુ નાગરિકો કરી શહેરના ટ્રાફિક અને પ્રદુષણમાં ઘટાડો કરવા મદદરૂપ થવા અપીલ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮માં ૨(બે)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૦ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૮નો **ત્રીજો** મેડીકલ કેમ્પ તા.૨૮/૦૭/૨૦૧૮ ને શનિવારનાં રોજ **<u>ભેસ્તાન અર્બન હેલ્થ સેન્ટર,એચ–૧૫ EWS આવાસ ભેસ્તાન,સુરત</u>** ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા, મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# સુધારેલ પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૬, દેવીદાસ પીપળા શેરી, મહિધરપુરામાં આવેલ મિલ્કત નોંધ નં. ૨૧૭૪ થી ૨૧૭૮ વાળી મિલ્કતનું બાંધકામ વર્ષ–૨૦૧૦ માં પૂર્ણ થયાનું ખોટું કમ્પ્લીશન સર્ટિફિકેટ રજુ કરાવી ગૃડા એકટ–૨૦૧૧ નો લાભ લેવા સબબ ખોટું સર્ટિફિકેટ રજુ કરનાર રજીસ્ટર્ડ એન્જીનીયર મનીષ ડી. ગજજર લા.નં. TDO/ER/921 ને સુરત મહાનગરપાલિકાએ આપેલ લાયસન્સ નં. TDO/ER/921 ને તા. ૨૪/૦૭/૨૦૧૮ થી તાત્કાલીક અસરથી રદ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

શહેરી પરિવહન વ્યવસ્થાનું મુલ્યાંકન કરવા માટે તથા જુદા–જુદા શહેરોના શહેરી પરિવહન વ્યવસ્થાને સરખામણી / તુલ્નાત્મક અભ્યાસ કરવા માટે Sustainable Urban Transport Index (SUTI) ના ઈન્ડિકેટરનો United Nations Economic and Social Commission for Asia and the Pacific (UNESCAP) ધ્વારા કરવામાં આવી રહેલ છે. SUTI બનાવવાની કામગીરી માટે UNESCAP ધ્વારા એશિયા પેસિફિક વિસ્તારના જુદા–જુદા મુખ્ય ૬ (છ) શહેરોને ધ્યાને લેવામાં આવેલ છે અને સુરતનો પણ તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સુરત શહેરના ટ્રાફિક વ્યવસ્થાના અભ્યાસ અને મુલ્યાંકનની કામગીરીના પ્રાથમિક તબકકા માટેની કાર્યવાહી સારૂ એક ટીમ ૨૫ જુલાઈ થી ૨૭ જુલાઈ, આમ ત્રણ દિવસો માટે સુરત શહેરની મુલાકાતે આવનાર છે આ કામ સારૂ Stake Holder Consultation ની એક મીટીંગ તા.૨૫/૦૭/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ. જેમાં સુરત શહેરના જાહેર પરિવહન, શહેરના ડેટા કલેકશન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા, સુડા, ટ્રાફિક પોલિસ વિભાગ, RTO ના અધિકારીઓ તથા ચેમબર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ હાજર રહેલ. વધુમાં શહેરની જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે SVNIT, SCET ના ફેકલ્ટી મેમ્બરો અને વ્યવસાયિક સંસ્થાઓ જેવી કે ITPI, IUT, ICEA ના પ્રતિનિધિઓ આ મીટીંગમાં ભાગ લઈને શહેરી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બાબતે તેમના વિચારો, મંતવ્ય અને આંકડાકીય વિગોતો રજુ કરેલ. ડેપ્યુટી મેયર શ્રી નિરવભાઈ શાહ તથા શાસક પક્ષના નેતા શ્રી ગિરજાશંકર મિશ્રા પણ મીટીંગમાં હાજર રહયા હતા અને ચર્ચામાં ભાગ લઈને અન્ય શહેરોની વિગતો બાબતે પુચ્છા કરી હતી તથા સુરત શહેરની હાલની પબ્લીક ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં સુધારો કરવા શું કરી શકાય તેની માહિતી મેળવેલ હતી અને પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

મ્યુનિસિપલ કમિશનરશ્રી ધ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ. UNESCAP ના ટ્રાન્સપોર્ટ પોલિસી અને ડેવલપ્મેન્ટ સેકશનના ઈકોનોમીક અફેયર ઓફિસર શ્રી મદન બી. રેગ્મી ધ્વારા SUTI નું મહત્વ અને તેના ઉપયોગ બાબતેની સમજ આપવામાં આવેલ અને CEPT ના પ્રોફેસર શ્રી શીવાનંદ સ્વામી ધ્વારા SUTI ની ગાઈડલાઈન તથા સુરત શહેર માટેના SUTI બાબતે માહિતી આપવામાં આવેલ. સુરત શહેરના જાહેર પરિવહન બાબતે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી રાજેશ જે. પંડયા ધ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. પ્રતિનિધિ મંડળ ધ્વારા સુરત શહેરના બસસ્ટોપ, ડેપો, વર્કશોપ તથા સમગ્ર સિસ્ટમના મોનટરીંગની સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવતી કામગીરી વિગેરેની મુલાકાત લઈ જાતમાહિતી મેળવવામાં આવશે.



| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૫/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન વડોદયુનિટમાં આવતા જી.આઈ.ડી.સીમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦,ઉધનાયુનિટમાં આવતા કિરણ મોર્ટસનાં સર્વિસ સેન્ટરમાં નકામાં ટાયરોમાં મોસ્કીટો બ્રિડીંગ મળી આવતા કુલ રૂ.૧૦૦૦ ઉનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા વિશાલનગરમાં ભંગારવાળા પાસે નકામા પડેલા ભંગારમાંથી મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦ પાંડેસરાયુનિટમાં આવતા નાગસેનનગરનાં પ્લોટ નં–૨૬૨ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૮૦૦/– પાંડેસરાયુનિટમાં કાર્યવિસ્તારમાં આવતા હરીનગર–ઉનાં પ્લોટ નં–૩૮૬ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૫૦૦/–પાંડેસરાયુનિટમાં કાર્યવિસ્તારમાં આવતા મારૂતી ઈન્ડિસ્ટ્રીયલ એસ્ટેટમાં કુલ ૧૬ ખુલ્લા પ્લોટોમાં પાણી ભરાવામાં પોરાભક્ષક માછલી છોડવામાં આવેલ છે. સાઉથઝોનમાં આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૪૦૬૩ ઘરોમાં ૩૪૭૪૬ સ્પોટ સર્વે કરી કુલ ૨૩૬ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૭૯૦૦/– રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૨૩ નોટીસ આપવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૭/૨૦૧૮ના અલથાણ–ભટાર કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અનેક વિધ પ્રયત્ન કરતી આવી છે. અલુણાવ્રત ઉજવણીની સંસ્કૃતિની પરંપરાને જીવંત રાખવા સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી, આરતી શણગાર, અને ગોરમાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પના સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત તા.૨૫/૦૭/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખુલ્લા વિભાગની સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધા અલથાણ–ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણગામ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ.સભ્યશ્રીઓ મહેંદી સ્પર્ધામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા મળી ૧૧૪૫ જેટલા મહિલાઓએ ઉમંગભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી જયા પાર્વતીવ્રતની ઉપાસનાની શરૂઆત કરી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

**<u>ખુલ્લો વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | નીષી એ.દલાલ | સૃષ્ટિ ઈલેશભાઈ પટેલ |
| દ્વિતીય | મમતા પી. ધોન્ડે | નિકિતા કાળુભાઈ કાકલોતર |
| તૃતીય | અદિતી પ્રજાપતિ | હિરલ ધનજીભાઈ પ્રજાપતિ |
| આશ્વાસન | સંગીતાબેન ભટારીયા | ઝુવેરીયા અબ્દુલ સલામ મનસુરી |
| | ધર્મિષ્ઠાબેન ભીખાભાઈ રાણા | રૂકસા મો.રફીક સૈયદ |
| | વિશ્વાબેન ડી.પટેલ | જાનકી કમલેશભાઈ સોરઠીયા |
| | ઉર્મિલા એન. હીરપરા | નિમિષા દેવરાજભાઈ પાંડવ |
| | ધારા પ્રવિણભાઈ ઢોલા | સાહિસ્તા મો.યુસુફ શેખ |
| | ચાર્મી એ. ડાબેરવાલા | વિમ્પલ કમલેશભાઈ પટેલ |
| | સંધ્યા યુ.હીરપરા | કલ્પના જે. સુમેશરા |
| | નિમિષા મહેશભાઈ રાણા | |
| | સ્નેહાબેન દેસાઈ | |

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સાદી અને અરેબિક મંહેદી સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો અને નિર્ણાયકશ્રીઓના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૬/૦૭/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત |
| ૨ | ૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ. સ. શા.ક્ર. : ૬૮ ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત |





# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ નવ દિવસ**માં શહેરની કુલ ૯૧૪ પ્રતિષ્ઠિત ખાનગી/સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૩૪૨૩ સેશનમાં ૪,૧૫,૮૨૨ બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ ચાર લાખ પંદર હજારથી વધુ બાળકોને આ નવ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા/ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

૨૯૩

**<u>સુરત મહાનગર પાલિકા</u>**

**<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>**

**<u>અખબારી યાદી</u>**

## <u>વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૬/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન બમરોલીમાં આવતા કૈલાશનગર–૨ પ્લોટ નં–૪૬,૪૭ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૩૦૦૦/– વહીવટી ખર્ચ, પાંડેસરાયુનિટમાં આવતા કાશીનગરની સામેના ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ,પાંડેસરાયુનિટના આવતા આર્વિભાવ–૨ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવાતા તથા શ્રીરામનગર ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઉધનાયુનિટમાં આવતા લાલીમાનગરમાં કુલ ૦૫ ખુલ્લા પ્લોટોમાં પાણી ભરાવામાં પોરાભક્ષક માછલી છોડવામાં આવેલ છે સાઉથઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૪૫૯૦ ઘરોમાં ૩૫૪૬૯ સ્પોટ સર્વે કરી કુલ **૨૫૪** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૭૩૦૦/– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૬૫ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટઝોનનાં નવાગામ ડીંડોલીમાં સંતોષ પાર્ક રેસી માં બિડીગ મળતા કુલ રૂ. ૨૫,૦૦૦/ – વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ચૌટાબજારનાં જાહેર માર્ગ ઉપર થતા અનઅધિકૃત દબાણનાં કારણે નાગરિકોને વાહનની અવર–જવરમાં મુશ્કેલી પડતી હોય છે તથા દબાણના કારણે રસ્તાઓ સાંકડા થવાથી નાગરિકોને ખાસ કરીને મહિલા નાગરિકોને ભીડમાં અવર–જવરમાં મુશ્કેલી થતી હોય છે અને ઘણીવાર છેડતીના બનાવો પણ બનતા હોય છે. આ વિસ્તારમાં સુરત જનરલ હોસ્પિટલમાં ઈમરજન્સી સારવાર અર્થે એબ્યુલન્સમાં આવતા પેશન્ટોને પણ ભીડમાં એમ્બ્યુલન્સનો માર્ગ ખોટકાતા, પેશન્ટોનાં જીવનને સમયસર સારવાર ન મળવાથી વારંવાર જોખમ ઉભું થાય છે.

જેથી સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૯ અને ૧૦ માં ચૌટાપુલમાં જાહેર માર્ગ ઉપર ફેરિયાઓ / દુકાનદારો દ્વારા થતુ કાયમી અનઅધિકૃત દબાણ બંધ કરવા અંગેની જાહેર નોટીસ આપવામાં આવેલ. જેના ભાગરૂપે તા.૨૫/૦૭/૨૦૧૮ તથા તા.૨૬/૦૭/૧૮ ના રોજ ચૌટાબજારમાં (૧) ખપાટીયા ચકલાથી પુનિત ચોક સુધી, (૨) પુનિત ચોકથી જમનાદાસ ધારીવાલા સુધી, (૩) ચૌટાબજારથી સુરત જનરલ હોસ્પિટલ થઈ બાલાજી રોડ સુધી, (૪) પુનિત ચોકથી ચેતના રેસ્ટોરન્ટ સુધી અને (૫) પુનિત ચોકથી લીમડાચોક જે.પી.જયુસ સુધીનાં રૂટ ઉપર જુદી જુદી ૦૫ (પાંચ) ટીમો બનાવી, શહેર વિકાસના સ્ટાફ સાથે કાર્યપાલક ઈજનેરશ્રી–૦૨, ડે.ઈજનેરશ્રી–૦૫, આસી./જુ.ઈજનેર–૧૦, ટી.એ.–૨૦, સુપરવાઈઝર–૧૧, બેલદારો–૩૫,પોલીસ સ્ટાફના–૧૫ તથા સીકયુરીટી સ્ટાફ–૨૦ મળી **કુલ–૧૧૮ કર્મચારીઓના** સહયોગથી દબાણ ઝુંબેશ સવારનાં ૧૦.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક સુધી હાથ ધરી ઉપરોકત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ધ્વારા માલ–સામાન/ભંગાર મુકી કરવામાં આવેલ દબાણ સતત દૂર કરવાની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલ. વધુમાં ઉપરોકત જણાવેલ ચૌટા બજારનાં વિસ્તારમાં દુકાનદારો ધ્વારા એંગલ, ટેબલ, લારી, તાડપત્રી, બેનર,લોખંડની જાળી, લોખંડના રેંક, લોખંડના દાદર દૂર કરવામાં આવેલ. તેમજ પરચુરણ વસ્તુઓ થઈ કુલ– ૩૩૦ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે. જે અંગે કાયદેસર નોટીસ પણ સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા ધ્વારા પાઠવવામાં આવેલ હતી.

**:: પ્રેસનોટ ::**

"કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ "કારગીલ ચોક", પીપલોદ, સુરત ખાતે યોજાયેલ કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ.

ભારતીય લશ્કરની ત્રણેય પાંખના જવાનનોએ કારગીલની ઊંચી પહાડીઓમાં માણસનું હાડ થિજાવી દે તેવી વિષમ પરિસ્થિતિમાં ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલ, દ્રાસ અને બટાલિકની બધી ચોકી પર પાછો ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી ૨૬મી જુલાઈના રોજ કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬મી જુલાઈ, ૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે "કારગીલ ચોક" પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ અને શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મહાનુભાવોએ પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે કારગીલ યુધ્ધમાં સામેલ જવાનો તથા માજી સૈનિકોએ પણ ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે માજી સૈનિકોના પ્રતિનિધિમંડળએ ડે.મેયરશ્રી નિરવભાઈ શાહને કારગીલ વિજય દિવસના પ્રતિક રૂપે આર્મી કેપ અર્પણ કરી હતી. શારદાયતન શાળાના સ્કાઉટના કેડરો, વિદ્યાર્થીઓ રેલી આકારે આવી સામેલ થયા હતા. આ પ્રસંગે શાળાઓના બાળકો અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી શ્રધ્ધાજંલી આપી હતી. ઉપસ્થિત શાળાના વિદ્યાર્થીઓના "જય જવાન જય કિસાન", "શહીદો અમર રહો" અને "વંદેમાતરમ્"ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

સમાચાર યાદી. 2.95 - [redacted] , તા.૨૬/૦૭/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



કારગીલ વિજય દિન નિમિતે તા.૨૬/૦૭/૨૦૧૮ ના રોજ કારગીલ ચોક ખાતે કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા જવાનોને પુષ્પાંજલી અપર્ણ કરતાં ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી અનિલ ભાઈ ગોપલાણી, શાસક પક્ષના નેતા ગિરિજાશંકર મિશ્રા તથા અન્ય મહાનુભવો દ્રશ્યમાન છે.

## :: પ્રેસનોટ ::

### "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ આરતી શણગાર સ્પર્ધા"

**વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ના સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સુરત ખાતે યોજાયેલ આરતી શણગાર સ્પર્ધા**

ભારતીય સંસ્કૃતિ એટલે જીવનનાં દરેક કર્મને ધર્મ સાથે જોડતી સંસ્કૃતિ. ભકિત કે ઉપાસના માત્ર મોક્ષ, આધ્યાત્મિકતા કે પુણ્ય માટે જ નથી થતી. પરંતુ જીવનની સુખ–સમૃદ્ધિ અને ઈચ્છાઓ પૂર્તિ માટે પણ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત્ત પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આરતી શણગાર સ્પર્ધા સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ,સીંગણપોર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાયેલ આ આરતી શણગાર સ્પર્ધામાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૩૬૦ જેટલા સ્પર્ધકોએ ઉમંગભેર ભાગ લઈ આરતીની થાળીઓને અવનવી ડિઝાઈનોમાં શણગારી ઉપસ્થિતોના મનમોહી લીધાં હતાં. સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| પ્રાથમિક વિભાગ | | |
|---|---|---|
| **વિજેતા ક્રમ** | **નામ** | **શાળા** |
| પ્રથમ | પટેલ દેવાંશી એચ. | એલ.એચ.બોઘરાવાળા(શિશુવિહાર)ગુજરાતી શાળા |
| દ્વિતીય | અંબાલિયા હાર્દિ કે. | પી.પી.સવાણી વિદ્યાભવન |
| તૃતીય | પ્રજાપતિ મિતાલી પી. | કસ્તુરબા વિદ્યાભવન |
| આશ્વાસન | ગજેરા નિધિ એલ. | ડો.કનૈયાલાલ ઠાકર શાળા |
| | સ્નેહા અલ્પેશભાઈ પરમાર | માદામ ભિખાઈજી કામા ન.પ્રા.શાળા ક્રં.૧૧૬ |
| | પાટીલ યોગિતા આર. | લોકમાન્ય ટીળક શા. ન.પ્રા.શાળા ક્રં.૨૭૪ |
| | તરસરિયા દિક્ષિતા એમ. | શ્રી હેમુ ગઢવી ન.પ્રા.શા.ક્રં.૨૯૦ |
| | માંડવિયા ઊર્વી જે. | શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રા.શા.નં.૧૦૨ |
| | જમલુ ફાએકાબાનું મો.ઈમરાન | શ્રી વી.કે.દારૂવાળા પ્રા.શા.નં.૨૫ |
| | પટેલ વંશિકા મનોજભાઈ | સંસ્કાર ભારતી વિદ્યાલય |
| | કાચરીયા નિધિ એમ. | કસ્તુરબા ગાંધી પ્રા.શા.નં.૧૮૩ |
| | મહેતા દ્રષ્ટિ બી. | એલ.એચ.બોઘરાવાળા(શિશુવિહાર)ઈંગ્લીશ સ્કૂલ |
| **માધ્યમિક વિભાગ** | | |
| **વિજેતા ક્રમ** | **નામ** | **શાળા** |
| પ્રથમ | ચૌધરી રોહિણી એમ. | સુમન હાઈસ્કુલ નં.૬ |
| દ્વિતીય | પ્રજાપતિ શિવાંગી પી. | કસ્તુરબા વિદ્યાભવન |
| તૃતિય | ગોહિલ આરાધના બી. | સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) |
| આશ્વાસન | ફેન્સીવાલા સોનીયા જી. | શેઠશ્રી પી.એચ.બચકાનીવાળા વિદ્યામંદિર |
| | રાઠોડ ભૂમિકા એચ. | કર્મવીર સાકરચંદ કાળીદાસ પટેલ |
| | આયુષી ડી.રાદરીયા | લાન્સર્સ આર્મી સ્કૂલ |
| | સોની દ્રષ્ટિ પી. | દાલીયા હાઈસ્કુલ |
| | રાવળ પ્રાચી પી. | એસ.પી.બી.હાઈસ્કુલ |

આરતી શણગાર સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી તથા વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપવા આવી હતી. સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૭/૦૭/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા. શિ. સ. શા.ક્ર. : ૬૮ ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ પ્રાથમિક શાળાની બાળાઓએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.



# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ દસ દિવસ**માં શહેરની કુલ ૧૦૧૯ પ્રતિષ્ઠિત ખાનગી/સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૩૮૦૪ સેશનમાં ૪,૫૮,૩૦૧ બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ ચાર લાખ અઠ્ઠાવન હજારથી વધુ બાળકોને આ દસ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૦/૦૭/૨૦૧૮ થી તા.૨૬/૦૭/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૭૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૩ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૬૮ |
| ૪ | મેજર ઓપરેશન | - |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

## :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધા"

**વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા**

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૭/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે **ગોરમાગીત સ્પર્ધા** સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પનાને સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૪૬ પ્રાથમિક શાળાઓની બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતા ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | ડૉ. કનૈયાલાલ એસ. ઠાકર શાળા |
| દ્વિતીય | શેઠશ્રી પ્રાણલાલ હીરાલાલ બચકાની વાળા વિદ્યામંદિર |
| તૃતીય | સરદાર પટેલ વિદ્યાભવન |
| આશ્વાસન | સંસ્કારભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| | શ્રીમતી શિરીનબાઈ જે. લશ્કરી કન્યા શાળા ક્રમાંક –૨૨૦ |
| | માધવબાગ વિદ્યાભવન (અંગ્રેજી માધ્યમ) |
| | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન |
| | સાર્વજનિક પ્રાથમિક શાળા |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાના ગીતો માંણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૭/૦૭/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ઉમરવાડા, સુરત ખાતે આયોજીત ગોરમાગીત સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીનીઓને પુરસ્કૃત કરતા મ્યુ.સભ્યશ્રી રશ્મિકાબેન પટેલ અને નિર્ણાયકશ્રીઓ દ્રશ્યમાન છે.

"પહેલા પાલવા અને હવે માઝલ્લ–રૂબેલાનો વારો"

# પ્રેસ નોટ

## સુરત ને ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ (ITMS) પ્રોજેક્ટના અમલીકરણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ

કેન્દ્ર સરકાર દ્વારા મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન એફેર્સ (MoHUA) અંતર્ગત તા.૨૫ જુન,૨૦૧૫ ના રોજ સ્માર્ટ સીટી મિશનની યોજના જાહેર કરવામાં આવેલ.આ યોજના અંતર્ગત ભારત દેશના કુલ ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી પ્રથમ ચરણના ૨૦ શહેરોની યાદીમાં સુરત શહેર ચોથા ક્રમે પસંદ થયેલ.

જુન ૨૫, ૨૦૧૮ ના રોજ સ્માર્ટ સીટી મિશન ના ૩ વર્ષ પૂર્ણ થયેલ છે. સદર મિશનની ત્રીજી વર્ષગાંઠ સમયે સુરત સ્માર્ટ સીટી દ્વારા કુલ ૫૩ કરોડના ૦૫ પ્રોજેક્ટ્સ લોન્ચ કરવામાં આવેલ. ચાલુ વર્ષ દરમિયાન રૂ. ૫૧.૧૧ કરોડ ના ૩ પ્રોજેક્ટ્સ લોન્ચ કરવામાં આવનાર છે. જેમાં ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS) નો પણ સમાવેશ થાય છે. મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન એફેર્સ (MoHUA) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના India Smart City Awards, 2018 હેઠળ તા. ૨૭/૦૭/૨૦૧૮ ના રોજ લખનઉ ખાતે સમગ્ર દેશની ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી સુરત સ્માર્ટ સીટી ને ટ્રાન્સપોર્ટ અને મોબીલીટી અંતર્ગત ITMS પ્રોજેક્ટના અમલીકરણમાં કરેલ શ્રેષ્ઠ કામગીરી બદલ માનનીય શ્રી હરદીપસિંઘ પૂરી (રાજ્ય પ્રધાન -સ્વતંત્ર ચાર્જ (MoHUA)) ના વરદ હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ. સુરત મહાનગર પાલિકા અને સુરત સ્માર્ટ સીટી તરફથી સદર એવોર્ડ માનનીય મેયરશ્રી - ડૉ. જગદીશ પટેલ, માનનીય કમિશનરશ્રી અને ચેરમેન (સુરત સ્માર્ટ સીટી) - શ્રી એમ. થેન્નારાસન તથા ડેપ્યુટી કમિશનર અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (સુરત સ્માર્ટ સીટી) - શ્રી સી. વાય. ભટ્ટ દ્વારા સ્વીકારવામાં આવેલ.



...સંપર્ક વિભાગ
...રત મહાનગર સેવા સદન તરફથી સાદર
...સમાચાર યાદી નં. ૩૦૦ -
-૨૦


TRANSFORMING
URBAN LANDSCAPE
3rd Anniversary of
PMAY(U) | AMRUT | SMART CITIES MISSION
27-28 JULY 2018
LUCKNOW, UTTAR PRADESH

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૭/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન બમરોલીયુનિટમાં આવતા જય જવાન જય કિશાન નગર પ્લોટ નં–૮૭,૮૮ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ, ભેસ્તાનયુનિટમાં આવતા સફારી કોમ્પલેક્ષની બાજુના ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ, ઉધનાયુનિટમાં આવતા રોડ નં–૬ પર આવેલ કાટમાળની દુકાનમાં નકામા ભંગાર સામાનમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૭૦૦/– વહીવટી ખર્ચ ,પાંડેસરાયુનિટમાં આવતી શકિતનગર સોસાયટી પ્લોટ નં–૧૫૨ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,પાંડેસરાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી કર્મયુગ સોસાયટી પ્લોટ નં–૯૭ ટેરેસ પર પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.પાંડેસરાયુનિટમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ ૧૨ વ્યકિતઓને આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી જેના અનુસંધાનમાં કોર્ટ ફરીયાદ મુકી ૧૨ ઈસમો પાસે કુલ રૂ.૧૨૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.આમ, સાઉથઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૪૫૦૫ ઘરોમાં ૩૬૨૬૭ સ્પોટ સર્વે કરી કુલ **૨૧૬** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૧૩૫૦૦/– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૪૬ નોટીસ આપવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ અગિયાર દિવસ**માં શહેરની કુલ ૧૧૨૨ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૪૨૨૩ સેશનમાં <u>૫,૦૬,૮૩૯</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>પાંચ લાખ છ હજારથી વધુ બાળકોને</u> આ અગિયાર દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# અખબાર યાદી

# ગાર્ડન ખાતુ

# સુરત મહાનગરપાલિકા

**અને**

**ગુજરાત સરકારના સામાજીક વનીકરણ વિભાગના સંયુકત ઉપક્રમે**

# ૬૯ માં વન મહોત્સવની ઉજવણી

**૬૯ માં સુરત શહેર કક્ષાના વન મહોત્સવની તા.૨૯/૦૭/૨૦૧૮ ના રોજ** શહેરીજનો અને સ્કુલ/ કોલેજના વિદ્યાર્થીઓની હાજરીમાં વેસ્ટ ઝોનમાં ટી.પી.એસ.નં.૪૪ (જહાંગીરાબાદ),એફ.પી.૭૧, અંકુર હાઈટસ પાસેના ં વિકાસ પામી રહેલ ગાર્ડનના ખુલ્લા પ્લોટમાં મા.ડે.મેયરશ્રી નિરવ સુરેશચંદ્ર શાહના અધ્યક્ષતામાં શુભારંભ સાથે તમામ ઝોનમાં પણ તા.૩૦/૦૭/૧૮ થી તા.૦૩/૦૮/૧૮ સુધી દૈનિક ૧ (એક) વોર્ડ વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે વોર્ડ વિસ્તારના મા.મ્યુ.સભ્યશ્રીઓ સાથે સંકલન કરી નિયત સ્થળે કરવાનું આયોજન પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગત મુજબ કરવામાં આવેલ છે.

**<u>પરિશિષ્ટ–અ</u>**

| તારીખ | સેન્ટ્રલ | નોર્થ | વેસ્ટ | સાઉથ વેસ્ટ | સાઉથ | સાઉથ ઈસ્ટ | ઈસ્ટ–અ | ઈસ્ટ–બ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦/૦૭/૧૮ | ૧૧ | ૨ | ૧ | ૨૦ | ૧૮,૧૯ | ૧૭ | ૩ | ૪ |
| ૩૧/૦૭/૧૮ | ૧૨ | ૬ | ૯ | ૨૧ | ૨૩ | ૧૮ | ૫ | ૧૩ |
| ૦૧/૦૮/૧૮ | ૧૯ | ૭ | ૧૦ | ૨૨ | ૨૭ | ૨૪ | – | ૧૪ |
| ૦૨/૦૮/૧૮ | ૨૦ | ૮ | – | – | ૨૮ | ૨૫ | – | ૧૫ |
| ૦૩/૦૮/૧૮ | – | – | – | – | ૨૯ | ૨૬ | – | ૧૬ |

૬૯ માં વનમહોત્સવની ઉજવણીમાં શહેર હદ વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનોની હાજરીમાં બોરસલ્લી, સપ્તપર્ણી, ફાયકસ, એરીકા પામ, વિગેરે જાતના કુલ – ૫૭૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન ગુરૂકૃપા સ્કુલ, એમ. વી. વિદ્યાપીઠ તેમજ અન્ય શાળાનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ સાથે તા.૨૯/૦૭/૧૮ નાં રોજ કરવામાં આવેલ હતું. તેમજ હાજર મ્યુ.પદાધિકારીશ્રીઓ અને મ્યુ.સભ્યશ્રીઓ, સુ.મ.પા.ના અધિકારીશ્રીઓ અને સામાજીક વનીકરણ વિભાગના અધિકારીશ્રીઓના વરદ હસ્તે તુલસીના કુલ – ૩૪૦ સહિત જાસુદ, આસોપાલવ, કરણ, ટેકોમા, હેમેલીયા, એકેલીફા, ગરમાળો, સ્પેથોડીયા વિગેરે વિવિધ પ્રકારના રોપાઓનું શાળાના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અને નગરજનોને સ્થળ પરથી કુલ ૧૫૨૦ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં ૬૯ માં વન મહોત્સવ ઉજવણી દરમ્યાન જે તે ઝોનમાં નગરજનોને જરૂરી રોપા સરળતાથી મળી રહે તે માટે પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ **તા.૩૦/૦૭/૧૮ થી તા.૦૩/૦૮/૧૮** દરમ્યાન વિનામૂલ્યે રોપા મળી રહે તે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

## પરિશિષ્ટ – બ

| ઝોન | સ્થળ |
|---|---|
| ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉધાન – નાના વરાછા, |
| | શહીદ વીર ભગતસિંહ ઉધાન – ત્રિકમ નગર |
| | મોટા વરાછા લેક ગાર્ડન |
| નોર્થ | ડાં. શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉધાન, જોગાણી નગર, |
| | સુભાષ ગાર્ડન , મોરાભાગળ |
| સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ, |
| | જવાહરલાલ નહેરૂ ઉધાન, અઠવાલાઈન્સ |
| સાઉથ | ઝાંસી કી રાણી ઉધાન, મીરાનગર, |
| | શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| | મહર્ષિ આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા |
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |










# પ્રેસનોટ

## <u>મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના India Smart City Award 2018 હેઠળ Best Performing City માટે સુરત સ્માર્ટ સીટીને “City Award” એનાયત</u>

કેન્દ્ર સરકાર દ્વારા મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) અંતર્ગત તા.૨૫ જુન, ૨૦૧૫ના રોજ સ્માર્ટ સીટી મિશનની યોજના જાહેર કરવામાં આવેલ. આ યોજના હેઠળ ભારત દેશના કુલ ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી પ્રથમ ચરણના ૨૦ શહેરોની યાદીમાં સુરત શહેર ચોથા ક્રમે પસંદ થયેલ.

જુન ૨૫,૨૦૧૮ના રોજ સ્માર્ટ સીટી મિશનના ત્રીજા વર્ષના અંતે સુરતમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગ ત રૂા.૧૭૩.૦૩ કરોડના કુલ ૧૭ પ્રોજેકટસ્‌ની કામગીરી પૂર્ણ થયેલ છે તથા અંદાજીત રૂા.૨૦૦૫.૮૬ કરોડના કુલ ૨૬ પ્રોજેકટસ્ કાર્યરત/પ્રગતિ હેઠળ છે. સતત ફોલોઅપ, નિર્ણાયાત્મક વિશ્લેષણ તથા માનનીય કમિશ્નરશ્રીનું સચોટ માર્ગદર્શન અને તેમની અધ્યક્ષમાં નિયમિત થતી સમીક્ષા બેઠક થકી સ્માર્ટ સીટી પ્રોજેકટસ્‌ના અમલીકરણમાં મોખરે રહેનાર સુરતને MoHUAએ સમગ્ર દેશની ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી એક Best Performing City ઘોષિત કરેલ છે. સુરત ખાતે જુન મહિનામાં યોજાયેલ MoHUAની કન્સલ્ટેટીવ કમિટિની મિટીંગ તથા દેશની અન્ય સ્માર્ટ સીટીના અધિકારીશ્રીઓ દ્વારા લેવામાં આવતી નિયમિત વિઝીટ દરમ્યાન પણ સુરત સ્માર્ટ સીટીની કાર્યક્ષમ કામગીરી અંગે સરાહના કરવામાં આવેલ છે. આ ઝડપી કામગીરી માટે MoHUA દ્વારા રાષ્ટ્રીય કક્ષાના India Smart City Award 2018 અંતર્ગત જુલાઈ ૨૭–૨૮, ૨૦૧૮ દરમ્યાન ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન, લખનઉ ખાતે યોજાયેલ “Transforming Urban Landscape” કોન્ફરન્સના બીજા દિવસે સુરત સ્માર્ટ સીટીને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ના વરદ હસ્તે “City Award” એનાયત કરવામાં આવેલ. સદર કોન્ફરન્સમાં શ્રી રામ નાઈક, રાજયપાલ, ઉત્તરપ્રદેશ, શ્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહ પ્રધાન, શ્રી યોગી આદિત્યનાથ, મુખ્યમંત્રી, ઉત્તરપ્રદેશ, શ્રી હરદીપસિંઘ પૂરી (રાજ્ય પ્રધાન–સ્વતંત્ર ચાર્જ, MoHUA) સાથે અન્ય મંત્રીશ્રીઓ/પદાધીકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સીટી તરફથી સદર એવોર્ડ માનનીય મેયરશ્રી ડો. જગદીશ પટેલ, માનનીય કમિશ્નરશ્રી અને ચેરમેન, સુ રત સ્માર્ટ સીટી શ્રી એમ. થેન્નારાસન તથા ડે.કમિશ્નરશ્રી અને ચીફ એકઝીકયુટીવ ઓફિસર, સુરત સ્માર્ટ સીટી શ્રી સી.વાય.ભટ્ટ દ્વારા સ્વીકારવામાં આવેલ.


Smart